ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
રવિવારીય પૂર્તિ
રવિવાર ૨૯ માર્ચ, ૨૦૨૬

સ્ટ્રેટ ઑફ હોર્મુઝ

“બહોત કઠિન હૈ ડગર પનઘટ

ભારતની ઊર્જા સુરક્ષા પર સાંકડા માર્ગનાં સકંજો



પશ્ચિમ એશિયામાં સંજોગો તંગ બની રહ્યા છે ત્યારે પાણીના વહેણનો એક સાંકડો પટ્ટો જે માંડ 30-35 કિલોમીટર પહોળો છે તે સતત ચર્ચાઈ રહ્યો છે. લોકોને તેને વિશે કદાચ બહુ ખબર હોય એ જરૂરી નથી પણ એનું નામ ચોક્કસ ખબર પડી ગઈ છે. હોર્મુઝની જળસંધિ (Strait of Hormuz) ભારતમાં ભાગ્યે જ હેડલાઇન્સમાં રહે છે. રાજકીય ભાષણોમાં પણ તેનો ઉલ્લેખ ઓછો થાય છે. છતાં, હકીકત એ છે કે આ જળમાર્ગ ભારતની આર્થિક સ્થિરતાને સીધો અસર કરે છે. ભારત તેના ક્રૂડ ઓઇલનો લગભગ 85% આયાત કરે છે. તેમાંના 55-60% ગલ્ફ દેશોમાંથી આવે છે. આ નિર્ભરતા નવી નથી, વર્ષોથી PPACના ડેટામાં સ્પષ્ટ દેખાય છે. ઇરાક અને સાઉદી અરેબિયા હંમેશા ટોચ પર રહે છે અને આ બધું ઓઇલ એક જ રસ્તેથી પસાર થાય છે, હોર્મુઝ. વિશ્વના કુલ ઓઇલ વેપારનો લગભગ પાંચમો ભાગ અહીંથી જાય છે. આ ભારત માટે માત્ર ભૌગોલિક બાબત નથી. આ એક સીધી નિર્ભરતા છે. જે શાંતિથી ચાલે છે, જ્યાં સુધી કંઈ ખલેલ ન આવે.

ભારતે આ પડકારને અવગણ્યો નથી. સ્ટ્રેટેજિક પેટ્રોલિયમ રિઝર્વ જે મેંગલુરુ અને પાડુરમાં છે તે આપણને ઊર્જાને મામલે આશરે 9-10 દિવસનો બફર આપે છે. સપ્લાયરોનું ડાયવર્સિફિકેશન કરવામાં આવ્યું છે અને 2022 પછી રશિયન ક્રૂડ ઓઇલ મોટી માત્રામાં આવ્યું છે, જે હવે ભારતની કુલ આયાતમાં મહત્વનો હિસ્સો ધરાવે છે. આ છેલ્લા ફેરફાર પર વધુ ધ્યાન આપવાની જરૂર છે

કિતને દૂર કિતને પાસ?

આપણને એમ માનવું ગમે તે સ્વાભાવિક છે કે આપણા દેશની સરહદોથી જોજનો દૂર થતા સંઘર્ષોની અસર આપણને નથી થતી, પણ આ કોઈ પારસી બાવા જેવું નામ ધરાવતી હોર્મુઝ જળસંધી આ જ માન્યતાને ખોટી સાબિત કરે છે. અહીં વિક્ષેપ માટે નાકાબંધી જેવી મોટી ઘટના જરૂરી નથી. થોડો તણાવ વધે, શિપિંગને ધમકીઓ મળે, ટેન્કર સાથે નાની ઘટનાઓ બને કે નૌકાદળની હાજરી વધી જાય અને તરત જ વૈશ્વિક પ્રતિક્રિયા શરૂ થાય છે. ઓઇલ માર્કેટ બહુ સંવેદનશીલ હોય છે. ઘણીવાર વાસ્તવિકતા કરતાં ધારણાઓ જ ભાવ વધારવા માટે પૂરતી હોય છે અને તેની અસર ભારત પર ઝડપથી દેખાય છે. ઈંધણના ભાવ વધે છે. એવિએશન ટર્બાઈન ફ્યુઅલ મોંઘું થાય છે. હવાઈ ભાડાં વધી જાય છે. શિપિંગમાં વિલંબ થાય એટલે સપ્લાય ચેન ધીમી પડે છે. આયાત બિલ વધે છે અને રૂપિયા પર દબાણ આવે છે. પછી ધીમે ધીમે મોંઘવારી વધે છે. આ બધું સમાચારોમાં નથી ઝળકતું પણ સામાન્ય માણસને રોજેરોજ કોઈને કોઈ રીતે તેના ભોગ બનવું પડે છે. ક્યારેક પેટ્રોલ પંપ પર વધુ પૈસા ચૂકવીને, ઘરખર્ચમાં ફેરફાર કરીને અથવા વેપારમાં વધેલા ખર્ચનો સામનો કરીને. યુદ્ધની અસરો વેઠવા માટે આપણે આપણા દેશ પર કોઈ મિસાઈલ પડે તેની રાહ જોવાની જરૂર નથી.

બહુશ્રુત
ચિરંતના ભટ્ટ

વિક્ષેપનું અર્થશાસ્ત્ર

ગલ્ફમાં તણાવ વધે ત્યારે આપણે આ બધું અગાઉ પણ જોઈ ચૂક્યા છીએ. એરલાઇન્સને ફ્લાઇટ રૂટ બદલવા પડે છે, જેના કારણે મુસાફરીનો સમય અને ઈંધણ બંને વધે છે. શિપિંગ સમયપત્રક ખોરવાય છે. એનર્જી માર્કેટ અસ્થિર બને છે. ભારત જેવા દેશમાં, જ્યાં ઈંધણની કિંમત લગભગ દરેક ક્ષેત્રને અસર કરે છે, ત્યાં આ ડોમિનો ઇફેક્ટ ખૂબ વ્યાપક બને છે. ટ્રાન્સપોર્ટેશનથી લઈને મેન્યુફેક્ચરિંગ, કૃષિથી લઈને ઘરખર્ચ વગેરે બધું તેની અસર હેઠળ આવે છે. પરંતુ અહીં એક વધુ અગત્યની વાત છે. આ સમસ્યાનું મૂળ ભારતની બહાર છે. એટલે આપણો પ્રતિભાવ મોટાભાગે પ્રતિક્રિયાત્મક જ રહે છે. આંચકો આપણને લાગે છે, પરંતુ કારણ ક્યાંક બીજે હોય છે.

ઊર્જા સુરક્ષા કે પછી વ્યુહાત્મક ભ્રમ?

ભારતે આ પડકારને અવગણ્યો નથી. સ્ટ્રેટેજિક પેટ્રોલિયમ રિઝર્વ જે મેંગલુરુ અને પાડુરમાં છે તે આપણને ઊર્જાને મામલે આશરે 9-10 દિવસનો બફર આપે છે. સપ્લાયરોનું ડાયવર્સિફિકેશન કરવામાં આવ્યું છે અને 2022 પછી રશિયન ક્રૂડ ઓઇલ મોટી માત્રામાં આવ્યું છે, જે હવે ભારતની કુલ આયાતમાં મહત્વનો હિસ્સો ધરાવે છે. આ છેલ્લા ફેરફાર પર વધુ ધ્યાન આપવાની જરૂર છે. રશિયન ઓઇલ તરફ ભારતનો વળાંક છેલ્લા કેટલાક વર્ષોમાં મોટો બદલાવ છે. એક રીતે જોઇએ તો લાગે છે કે ગલ્ફ દેશો પરની નિર્ભરતા ઘટી છે. પરંતુ હકીકતમાં હોર્મુઝ પરની નિર્ભરતા હજી પણ યથાવત છે. કારણ કે રશિયન ઓઇલના ભાવ પણ વૈશ્વિક બજાર સાથે જોડાયેલા છે, જે પર પશ્ચિમ એશિયાનો પ્રભાવ રહે છે. સાથે સાથે, રશિયન સપ્લાય પોતે પણ સ્થિર નથી કારણ કે તેની પર પ્રતિબંધો, રાજકીય દબાણ અને યુક્રેન યુદ્ધની અસર છે. એટલે જો ત્યાં કોઈ ખલેલ પડે, તો ભારત પાસે વિકલ્પો બહુ મર્યાદિત રહી જાય છે. ટૂંકમાં સપ્લાયર બદલાયો છે, જોખમ ઓછું નથી થયું.

ચાબહાર: વિકલ્પ કે મર્યાદા?

ચાબહાર પોર્ટ જેવી ઇન્ફ્રાસ્ટ્રક્ચર પહેલને ઘણીવાર કોરિડોરના વિકલ્પ તરીકે રજૂ કરવામાં આવે છે. સિદ્ધાંતની દૃષ્ટિએ આ તર્ક સાચો છે. આ એક એવો માર્ગ છે જે ગલ્ફને બાયપાસ કરીને મધ્ય એશિયા સુધી પહોંચે છે. પરંતુ હકીકતમાં, આ પ્રોજેક્ટ હજુ તેની સંપૂર્ણ ક્ષમતાએ પહોંચ્યો નથી. ઈરાન પરના યુએસ પ્રતિબંધોએ દરેક તબક્કે ભારતીય રોકાણ માટે મુશ્કેલી ખડી કરી છે. ચાબહારથી આગળ અફઘાનિસ્તાન અને મધ્ય એશિયા સુધીની કનેક્ટિવિટી હજુ પણ અધૂરી છે. ભારત પણ તેહરાન અને વોશિંગ્ટન વચ્ચે સંતુલન જાળવવામાં સાવચેત રહ્યો છે. ચાબહાર એક કાર્યરત બાયપાસ ઓછો અને એક રાજદ્વારી મુદ્દો વધારે છે. નીતિઓની દૃષ્ટિએ ભારત ભલે ઊર્જા-સુરક્ષિત દેખાય, પરંતુ ભૌગોલિક રીતે તે હજુ પણ ઊર્જાની બાબતમાં આપણે એટલા મજબૂત નથી.

ડાયવર્સિફિકેશનની મર્યાદાઓ

ડાયવર્સિફિકેશને વારંવાર ઊર્જા અસુરક્ષાના મુખ્ય ઉકેલ તરીકે રજૂ કરાય છે. તમને ઊર્જા વેચતો વેપારી બદલો અને તમારું જોખમ ઘટાડો. આ જેટલું લાગે છે એટલું સરળ નથી. ઓઇલ માર્કેટ્સ ગ્લોબલ છે. ગલ્ફમાં થતો કોઈ પણ વિક્ષેપ દરેક જગ્યાએ અસર કરે છે, આમ બધા પ્રદેશોમાં ઓઈલનો ભાવ વધે છે. જ્યારે ભારત ગલ્ફ સિવાયના સપ્લાયર્સ પાસેથી ઓઇલ આયાત કરે છે ત્યારે પણ, તે હોર્મુઝની ઘટનાઓને આધારે નક્કી થતા ભાવના ડાયનેમિક્સથી સંપૂર્ણપણે નથી બચી શકતો. બેન્ચમાર્ક બદલાય છે અને અસર ભારત સુધી પહોંચે છે. લોજિસ્ટિક્સ આ સમીકરણને વધુ જટિલ બનાવે છે.

...અનુસંધાન પાના નં. 4

બાય ધી વે

વૈશ્વિક મહાસત્તાઓ પોતાના જરૂરી કોરિડોરને ગઠબંધન અને સતત હાજરીથી સુરક્ષિત રાખે છે. ભારત માટે હોર્મુઝ એવી નબળી કડી છે જેને અવગણવી હવે શક્ય નથી. કારણ કે ત્યાં થતો દરેક ફેરફાર સીધો આપણા ખિસ્સા સુધી પહોંચે છે, ઈંધણના ભાવથી લઈને મોંઘવારી સુધી. ભારતનો આર્થિક વ્યાપ મોટો છે, પરંતુ તેની સ્થિરતા હજી એક સાંકડા જળમાર્ગ પર આધારિત છે. મહત્વકાંક્ષા મોટી છે, પણ નિર્ભરતાનો પ્રશ્ન હજી અનઉત્તરિત છે. હવે સવાલ એક જ છે, હોર્મુઝ શાંત રહે ત્યાં સુધી રાહ જોવી કે સમય રહેતાં તૈયાર થવું?

વિદેશનીતિમાં વળાંક: સમજી-વિચારીને લીધેલું પગલું કે કેવળ પ્રચાર?

૨૦ મી જાન્યુઆરીએ સ્વીત્ઝરલેન્ડમાં દાવોસ ખાતે મળેલી વર્લ્ડ ઇકોનોમિક ફોરમની બેઠકમાં કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્નીએ કરેલા ઐતિહાસિક ભાષણમાં તેમણે એક મહત્ત્વની વાત કહી હતી. તેમણે કહ્યું હતું કે અમેરિકાના નેતૃત્વવાળી એક વૈશ્વિક વ્યવસ્થા જેને ‘રૂલ્સ બેઝ્ડ વર્લ્ડ ઓર્ડર’ તરીકે ઓળખાવવામાં આવતી હતી એ અત્યારે તૂટી રહી છે અને એ તોડવાનું પાપ માત્ર અમેરિકાએ નથી કર્યું, પણ એને માટે કેનેડા જેવા મધ્યમ હરોળની સત્તાઓ પણ જવાબદાર છે.

કેવી રીતે? માર્ક કાર્ની એ દિવસે આત્મનિરીક્ષણના મૂડમાં હતા. તેમણે કહ્યું; મૂંગા રહીને. અમેરિકાના શાસકો ખોટું કરી રહ્યા હતા ત્યારે અમેરિકાના લાભાર્થી એવા સહયોગી દેશોએ કાં તો તેમાં સાથ આપ્યો હતો અથવા વિરોધ નહોતો કર્યો. દુનિયાને ગુમરાહ કરવા રૂલ્સ બેઝ્ડ વર્લ્ડ ઓર્ડરની આદર્શ વ્યવસ્થાના ગુણગાન ગાવાના, તેના માટે પ્રતિબદ્ધતા બતાવવાની, જ્યાં આવી વ્યવસ્થા નથી તેને આદર્શ વ્યવસ્થાના અભાવના નામે નીચા બતાવવાના અને દંડવાના; પણ બીજી બાજુ રાજકીય સ્વાર્થથી પ્રેરાઈને પોતે જ એ વ્યવસ્થાને અંદરથી ખોખલી કરે એની શું મધ્યમ હરોળના દેશોને જાણ નહોતી? હતી. બધાને બધી જ જાણ હતી. અમેરિકા આવી નીતિ દાયકાઓથી અપનાવી રહ્યું છે, પણ આપણે મૂંગા રહેવામાં કે સાથ આપવામાં લાભ જોયો હતો.

તેમના ભાષણનો સાર એ હતો કે તાત્કાલિક લાભને ધ્યાનમાં રાખીને અનીતિનો વિરોધ ન કરો અથવા અનીતિ કરનારાને સાથ આપો તો તેની લાંબાગાળે ઘણી મોટી કિંમત ચૂકવવી પડતી હોય છે. કાર્યકારણથી કોઈ બચી શકતું નથી. કાર્યકારણની વાત તો નરેન્દ્ર મોદી પણ ૨૦૦૨ની સાલમાં જાણતા હતા, જ્યારે ગોધરામાં ટ્રેનના એક ડબ્બામાં આગ લગાડવામાં આવી હતી અને ગુજરાતમાં મુસ્લિમ વિરોધી રમખાણો ફાટી નીકળ્યાં હતાં. ત્યારે ગુજરાતના મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે ગુજરાતના હુલ્લડો ક્રિયા સામે પ્રતિક્રિયા છે અને તેનાથી બચી શકાતું નથી. કોઈકે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને એ કથનની આજે યાદ અપાવવી જોઈએ કે ભાઈ ક્રિયા પ્રતિક્રિયા પેદા કરે છે અને તેનાથી બચી શકાતું નથી. તેની કિંમત ચૂકવવી જ પડે છે.

નો નોનસેન્સ
રમેશ ઓઝા

ખેર, અનીતીમાં સાથ આપવાની તો કિંમત હોય છે, પણ મૂંગા રહેવાની પણ કિંમત હોય છે. આજે અમેરિકા પોતે, અમેરિકાને સાથ આપનારા સહયોગી દેશો અને મૂંગા રહેનારા ભારત જેવા દેશો એવી સ્થિતિમાં મુકાઈ ગયા છે કે હવે તેની કિંમત ચૂકવવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. રૂલ્સ બેઝ્ડ વર્લ્ડ ઓર્ડરની પડખે ઊભા રહ્યા હોત તો? પણ કોઈકનો સ્વાર્થ પ્રબળ હતો તો કોઈકની હિંમત ઓછી પડતી હતી.

ભારત સ્વતંત્ર થયું ત્યારથી ભારતની વિદેશનીતિમાં એક સાતત્ય રહ્યું છે, પછી સરકાર કોંગ્રેસની હોય, મોરારજી દેસાઈની જનતા પાર્ટીની હોય, વિશ્વનાથ પ્રતાપસિંહ કે ચન્દ્રશેખરની હોય, દેવગોવડા કે આઈ. કે ગુજરાલની હોય કે પછી અટલ બિહારી વાજપેયીની ઈઝરાયેલપ્રેમી ભારતીય જનતા પક્ષની હોય. સરકાર ગમે તે આવે વિદેશનીતિમાં કોઈ ફરક નહોતો પડતો. ફેબ્રુઆરી ૧૯૭૯માં અટલ બિહારી વાજપેયી ભારતના વિદેશ પ્રધાન હતા અને ચીનની મુલાકાતે ગયા હતા. એ મુલાકાત ઐતિહાસિક હતી. ૧૯૬૨ના ભારત-ચીન યુદ્ધ પછી ૧૭ વરસે પહેલીવાર ભારત અને ચીનના વિદેશ પ્રધાનો મળ્યા હતા. બન્યું એવું કે વાજપેયી હજુ બીજીંગ (ત્યારે પેકિંગ) માં હતા અને ચીને વિએતનામ પર હુમલો કર્યો. વાજપેયી મુલાકાત અધુરી મૂકીને ભારત પાછા આવ્યા અને ચીનની નિંદા કરી.

શક્તિના દુનયુવી માપદંડો વાપરીએ તો ભારત ત્યારે આજ જેટલું શક્તિશાળી નહોતું, પણ કરોડરજ્જુની તાકાત ધરાવતું હતું. તાકાત માત્ર બાહુઓમાં નથી હોતી, ખરી તાકાત કાળજામાં અને કરોડરજ્જુમાં હોય છે એ મોદીપૂર્વીય નેતાઓ જાણતા હતા.

૧૯૪૭માં ભારત આઝાદ થયું ત્યારે અમેરિકા અને સોવિયેત રશિયા વચ્ચે શીતયુદ્ધ શરુ થઈ ગયું હતું. એ જ અરસામાં ઈઝરાયેલની સ્થાપના થઈ અને અખાતી દેશોમાં મુસ્લિમ દેશો અને ઈઝરાયેલ વચ્ચે ખટરાગ શરુ થઈ ગયો હતો. એ જ અરસામાં ચીનમાં સામ્યવાદી ક્રાંતિ થઈ અને ચીન ધીરેધીરે બેઠું થવા લાગ્યું. એ અરસામાં બીજા વિશ્વયુદ્ધ પછી જર્મની અને જપાન પાછા બેઠા થવા લાગ્યા હતા. એ અરસામાં અન્ય ગુલામ અને ગરીબ દેશો આઝાદ થવા લાગ્યા હતા અને તે લગભગ બધા જ આંતર્વિરોધોનાં શિકાર બની રહ્યા હતા. એ અરસામાં ઉત્તર અને દક્ષીણના દેશો, પહેલું વિશ્વ - બીજું વિશ્વ અને ત્રીજું વિશ્વ, વિકસિત- વિકાસશીલ અને અવિકસિત દેશો એમ જગતનું વુભાજન થવા લાગ્યું હતું. એ અરસામાં ભારતના પાડોશી દેશો (મુખ્યત્વે પાકિસ્તાન) ભારતની આણ ઓછી કરવા અને પોતાની આણ વધારવા ઉત્સુક હતા અને પ્રયત્નશીલ હતા. પાકિસ્તાનની ઉત્સુકતાનો અમેરિકાએ ભરપૂર લાભ ઉઠાવ્યો હતો અને આજે પાકિસ્તાન અને અન્ય પાડોશી દેશોનો ચીન લાભ ઉઠાવી રહ્યું છે.

દરેક યુગમાં સમયે પેદા કરેલી પ્રાપ્ત પરિસ્થિતિ હોય છે અને તેમાં દરેકે પોતાની જગ્યા અને ભૂમિકા બનાવવી પડતી હોય છે. ભારતે વિચાર્યું કે ખૂંટિયા લડાઈથી દૂર રહેવામાં ફાયદો છે, વિકાસશીલ દેશો સાથે સહિયારા વિકાસની શક્યતા તપાસવામાં ફાયદો છે, આંતર્વિરોધોથી ગ્રસ્ત એક સમયના સાંસ્થાનિક ગુલામ દેશોને દૂર રહીને મદદ કરવામાં ફાયદો છે અને સૌથી વધુ જ્યારે નૈતિકતાનો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે રૂલ્સ બેઝ્ડ વર્લ્ડ ઓર્ડરની પડખે ઊભા રહેવામાં ફાયદો છે.

વિદેશનીતિનો ઉપયોગ જ્યારે અંગત અને પક્ષીય હેતુ માટે કરવામાં આવતો હોય ત્યારે આ સિવાય બીજું પરિણામ પણ શું આવે!

...અનુસંધાન પાના નં. 4

સિલી પોઈંટ